ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પિટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

DST

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

અખબાર યાદી

Date: ~~26th~~ 27 August, 2025

પ્રતિ,

તંત્રી શ્રી,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં પ્રથમ પખવાડીયામાં
ધોરણ ૮, ૯ અને ૧૦ના વિધાર્થીઓ માટે ભાવનગર ખાતે યોજાશે

## જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર 2025

વિષય : Quantum Age Begins : Potentials and Concerns (ક્વોન્ટમ યુગની શરૂઆત : સંભાવનાઓ અને પડકારો)

જય વિજ્ઞાન,

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ **(DST)** ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી **(GUJCOST)** દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

બાળકોમાં નવી ટેકનોલોજી અને થઇ રહેલા સંશોધનો વિષે કૃતજ્ઞતા વધે તે હેતુથી **National Council of Science Museums (Ministry of Culture, Govt. of India)** દ્વારા પ્રત્યેક વર્ષે નેશનલ સાયન્સ સેમિનારનું જીલ્લા કક્ષા-રાજ્ય કક્ષા-રાષ્ટ્ર કક્ષાએ આયોજન કરવામાં આવેલ છે. જેનું રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી- **GUJCOST (Dept. of Science and technology, Govt. of Gujarat)** દ્વારા અને ભાવનગર જીલ્લાનું સંકલન **GUJCOST** દ્વારા સ્થાપિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર મારફતે કરવામાં આવનાર છે.

વર્ષ ૨૦૨૫ માટે **Quantum Age Begins : Potentials and Concerns** (ક્વોન્ટમ યુગની શરૂઆત : સંભાવનાઓ અને પડકારો) વિષયના કેન્દ્ર સ્થાને નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૨૫ નું આયોજન થનાર છે. જેમાં ધોરણ પ્રાથમિક શાળા માંથી ધોરણ ૮ માંથી બે બાળકો અને માધ્યમિક શાળા માટે ધોરણ ૯ અને ૧૦ માંથી બે બાળકો ભાગ લઇ શકશે. જેમાં દરેક બાળકે જણાવેલ વિષય સંદર્ભે છ મીનીટમાં **PPT** /૪-ચાર્ટની મદદથી વ્યક્તિગત રજૂઆત કરવાની રહેશે. રજુઆતમાં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરી શકાશે.

આ નેશનલ સાયન્સ સેમિનારમાં શાળા દીઠ બે વિધાર્થી અને એક માર્ગદર્શક શિક્ષકે ભાગ લેવા અંગે ભાવનગર જીલ્લાની વિવિધ શિક્ષણ વાડી કચેરીઓ દ્વારા શાળાઓને પરિપત્ર દ્વારા જાણ કરી જીલ્લાના વધુમાં વધુ વિધાર્થીઓ ભાગ લે તે બાબતે જાણવામાં આવ્યું છે. જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં પ્રથમ પખવાડીયામાં ભાવનગર ખાતે યોજાશે.

જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ સેમીનાર ૨૦૨૫ માં ભાગ લેવા માટે તા. ૦૭/૦૯/૨૦૨૫ સુધીમાં **www.krcscbhavnagar.org** પર નોંધણી કરવાની રહેશે. જીલ્લાની દરેક શાળા જીલ્લા કક્ષાના સાયન્સ સેમીનાર ૨૦૨૫ માં બે વિધાર્થી અને એક માર્ગદર્શક શિક્ષક ભાગ લે તે બાબતે અત્રેની કચેરી દ્વારા જીલ્લાની દરેક શાળાઓને અનુરોધ કરવામાં આવે છે.

વધુ વિગતો માટે **8866570111**, **9726212121** પર સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર KRCSC BHAVNAGAR ભાવનગર